"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૦-૨૧/૧૫-૧ તા.૩૦-૧૨-૨૦૨૦

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માન.શ્રી ચીફ કમિશ્નરસ્ટેટ ટેક્ષ**
અમદાવાદ.

**<u>વિષય : રૂલ નં ૧૩૮, સબ-રૂલ (૧૦) અન્વયે ઈ-વેબીલની મુદતના ફેરફાર અંગે</u>**

માનનીયશ્રી,

જય ભારત સાથે જણાવવાનું કે કેન્દ્ર સરકારે ઉપરોક્ત અધિનિયમન હેઠળ તા.૦૧-૦૧-૨૦૨૧થી ઈ-વેબીલની વેલીડીટીમાં ફેરફાર કર્યો છે અને તે સંદર્ભે અમોને ગુજરાતભરના ખાસ કરીને ગુજરાત રાજયમાં વહન કરતાં ટ્રાન્સપોર્ટરોએ ઘણાંબધા વાંધા મોકલ્યા છે.

આપ જાણો છો તેમ અત્યારે દર ૧૦૦ કી.મી. એક દિવસની અવધિ મળતી છે, તે હવે ૨૦૦ કી.મી.એ એક દિવસની અવધિ મળશે તેવી જ રીતે દર ૧૦૦ કી.મી. કે તેના ભાગ માટે વધારાની એક-એક દિવસની અવધિ વધતી હતી તેની જગ્યાએ દર ૨૦૦ કી.મી.એ એક દિવસની અવધિ વધશે.

આપને જણાવવાનું કે અમદાવાદ એ રાજયનું સૌથી મોટું ટ્રાન્સપોર્ટ તેમજ ટ્રાન્સીપમેન્ટનું હબ છે અને જો અમદાવાદથી ૪૦૦ કી.મી.નો કોઈપણ દિશામાં અંતર જોઈએ તો રાજયના બધા જ નાના-મોટા શહેરો અને ઔદ્યોગિક સંકુલો આવરી લે છે અને ખાસ કરીને બે દિવસમાં આખા રાજયમાં નાના પાર્શલો કે પાર્ટ લોડ ઈ-વેબીલની અવધિ દરમ્યાન પહોંચાડવા અશકય છે. આ ઉપરાંત જો તે દરમ્યાન વચ્ચે રવિવાર કે કોઈ જાહેર રજા આવે તો ટુંકા સમયમાં કન્સાઈન્મેન્ટનું ટ્રાન્સીપમેન્ટ, વહન અને તેની ડિલીવરી અશકય છે. તેવી જ રીતે કોઈપણ જગ્યાએથી વહન થતા માલ જો ૧૦૦ કી.મી. કે તેની અંદર હોય તો તેને એક દિવસમાં પહોંચાડવો પણ અશકય છે અને જો વચ્ચે રજાનો દિવસ આવતો હોય તો ટ્રાન્સપોર્ટરોએ તે ઈ-વેબીલની અવધિ વધારવા રવિવાર કે જાહેર રજાના દિવસે તે પ્રવૃત્તિ અર્થે સાંજના ૪.૦૦ વાગ્યા પછી ઓફિસ ચાલુ રાખવી પડે, કારણ કે ઈ-વેબીલના છેલ્લા દિવસે તેની અવધિ વધારવાનું કામ સીસ્ટમ સાંજના ૪.૦૦ પછી જ કરવા દે છે. આવી જ રીતે ૪૦૦ કી.મી. કે તેના ભાગ માટે પહેલા જે ૪ દિવસની અવધિ મળતી હતી તે ૨ દિવસની થઈ જતાં ટ્રાન્સપોર્ટરોને અવધિ વધારવાના કામનું ભારણ પણ ખુબ વધી પડશે.

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



આ જ પ્રમાણે આપણા રાજ્યના બીજા પડોશી રાજ્યમાં વહન કરતાં આંતર રાજ્ય વહન કરતાં ટ્રાન્સપોર્ટરોને પણ જે સમયમર્યાદા મળે છે તેની આગળ ૬૦૦ કી.મી.ના અંતરે આવેલ રાજ્યોમાં ત્રણ દિવસમાં નાના કે પાર્ટ લોડ કે ફુલ લોડ માલને પહોંચાડવું અશક્ય છે.

તે પરિસ્થિતિમાં પણ વચ્ચે આવતી આપણા રાજ્યની રજાઓ કે બીજા રાજ્યની જાહેર રજાઓ કે અઠવાડિક જુદી-જુદી રજાઓને કારણે આટલી ટુંકી અવધિમાં સરળતાથી માલનું વહન કરી ડીલીવરી કરવી લગભગ અશક્ય છે.

આવી જ રીતે ઈ-વેબીલની અવધિ વધારવાના કામમાં જો કોઈ ભુલચુક થાય કે ક્ષતિ રહી જાય તો તેની સઘળી જવાબદારી માત્ર ટ્રાનસપોર્ટરની જ થાય અને તેની દંડકીય કાર્યવાહી અને રકમ કોઈપણ ટ્રાન્સપોર્ટર ભોગવી શકે તેમ નથી.

આ પરિસ્થિતિ દરેક રાજ્યોના ટ્રાન્સપોર્ટરોને સ્પર્શે છે અને તે અંગે દરેક રાજ્યની સંસ્થાઓએ તેમના રાજ્યોમાં આ અંગેની રજુઆત કરેલ છે તેમજ ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપછર્ટ કોંગ્રેસ, ન્યુ દિલ્હી દ્વારા આ અંગેની રજુઆત કેન્દ્ર સરકારમાં નાણા વિભાગ તેમજ સીજીએસટી વિભાગમાં કરેલ છે.

ગુજરાતના બધા ટ્રાન્સપોર્ટરોને આશા છે કે આપ દ્વારા પણ કેન્દ્ર સરકારમાં, લાગતા-વળગતા વિભાગોમાં અને કાઉન્સિલમાં પણ અમારી ઉપરોક્ત વિષયની રજુઆત કરી સમયસર ન્યાય મળે તે રીતે યોગ્ય કરશોજી.

આભાર સહ,

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદે
(માનદમંત્રી)

નકલ રવાના : પ્રમુખશ્રી/માનદમંત્રીશ્રી-ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ.